ગાંધીનગર ભાસ્કર પાના નં. ૦૨ તા. ૨૪.૦૨.૨૦૨૪




મેટ્રો રેલ સેફટીની આખરી મંજૂરી બાદ મે-જૂનમાં શરૂ કરાશે

# ગાંધીનગરમાં મેટ્રોના કંકુ-પગલાં GNLUથી ધોળાકૂવા ટ્રાયલ રન શરૂ




અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે કનેક્ટીવિટી વધારવાના હેતુસર, ફેઝ-2 અંતર્ગત મેટ્રોની કામગીરી હાથ ધરવામાં આવેલી છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી લઈને મહાત્મા મંદિર સુધીના કુલ 28 કિમીના રૂટ પર ચ-2 સર્કલ સુધીની કામગીરી મોટાભાગની પૂર્ણ કરી દેવામાં આવી છે. ત્યારે શુક્રવારના રોજ ગાંધીનગરમાં પ્રથમ વખત મેટ્રોનો ટ્રાયલ રન હાથ ધરવામાં આવ્યો હતો. જીએનએલયુ થી ધોળાકૂવા સુધી મેટ્રોનો ટ્રાયલ કરવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં તબક્કાવાર સેક્ટર 1 સુધી ટ્રાયલ રનનું આયોજન કરવામાં આવશે, કુલ 28 કિમીના રૂટ પર 22 જેટલાં સ્ટેશનનો સમાવેશ કરવામાં આવેલો છે. જેથી કરીને ગાંધીનગર થી અમદાવાદ ખાતે પ્રતિદિન અપડાઊન કરનારા હજારો મુસાફરોને સરળતા રહેશે, ગીફ્ટ સીટી સુધી પહોંચવા માટે પણ મેટ્રોના કારણે સરળતા રહેશે. સ્ટેડિયમ થી સેક્ટર 1 સુધી તબક્કાવાર ટ્રાયલ રન પૂર્ણ કરી દીધાં બાદ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા ચકાસણી કરીને આખરી મંજૂરી આપ્યા બાદ આગામી મે કે જૂન માસમાં જાહેર મુસાફરો માટે મેટ્રો શરૂ કરી દેવાશે.